!!...ચાલો આંકડાની કવિતાએ...!!

મધ્યક, મધ્યસ્થ, બહુલક,
જવાબ આવે તો ગુડલક,
ન આવે તો બેડલક
ચાલો આંકડાની કવિતાએ...!

વાત કહું તમને ખાસ,
મધ્યકને કહેવાય સરેરાશ,
થઈને હવે બધાને હાશ
ચાલો આંકડાની કવિતાએ...!

છોડી દઉં પ્રસાર,
પણ કેમ થાઉં પસાર,
આવે છે, એવો અણસાર
ચાલો આંકડાની કવિતાએ...!

પ્ર.વિ.ને હોય વર્ગમૂળ,
ત્રિજીયાથી વધે વર્તુળ,
વિસ્તારથી વધે મિત્ર વર્તુળ
ચાલો આંકડાની કવિતાએ...!

વિધિએ લખ્યા લેખ,
તેથી દોરીએ આલેખ,
એજ અમારો મુદ્રાલેખ
ચાલો આંકડાની કવિતાએ...!

ચિત્રકુટની ચિત્રાકૃત્તિ,
હોય એક સ્તંભાકૃત્તિ,
લાગે જાણે મુખાકૃત્તિ
ચાલો આંકડાની કવિતાએ...!

!!!...અસ્તુ...!!!

Dr. Kishorbhai Mohanbhai Patel
(શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક વિજેતા-૨૦૦૬)
**M.COM., M.A., M.Ed.(Gold Medalist), Ph.D(Edu.)**
**SMT.I.N.TEKRAWALA HIGHER SECONDARY SCHOOL,**
**RANDER ROAD, SURAT.**